UK Health
Security
Agency

NHS

# વૃદ્ધ વયસ્કો માટે RSV રસી માટેની તમારી માર્ગદર્શિકા

રેસ્પિરેટરી સિન્સિટિયલ વાઇરસ (RSV)ની રસી મેળવીને પોતાનું રક્ષણ કેવી રીતે કરવું



**એવા લોકો માટે નિઃશુલ્ક RSV રસી વિશેની માહિતી:**

- 1લી સપ્ટેમ્બર 2024 ના રોજ અથવા તે પછી 75 વર્ષના થયા છે
- 1 સપ્ટેમ્બર 2024 ના રોજ પહેલેથી જ 75 થી 79 વર્ષના છે

A guide to the RSV vaccine for older adults - leaflet - Gujarati.indd 1 22/07/2024 12:07:05

## RSV શું છે

રેસ્પિરેટરી સિન્સિટિયલ વાઇરસ (RSV) એ શ્વસનમાર્ગ અને ફેફસાંનો ચેપી રોગ છે. RSV ચેપને કારણે ઘણી વખત શરદી જેવા લક્ષણો જોવા મળે છે, જેમાં ઉધરસ, ગળામાં દુઃખાવો, છીંક અને નાકમાંથી પાણી વહેવું અથવા નાક બંધ થઈ જવું છે. તે તમને ઘરઘરાટી અથવા શ્વાસની તકલીફ પણ બનાવી શકે છે અને ન્યુમોનિયા અને અન્ય જીવલેણ પરિસ્થિતિઓ થઈ શકે છે. આની કોઈ વિશિષ્ટ સારવાર નથી અને મોટાભાગના ચેપ તેમની જાતે જ સારો થઈ જશે. દર વર્ષે હજારો વૃદ્ધ પુખ્ત વયના લોકોને RSV માટે હોસ્પિટલની સંભાળની જરૂર પડે છે અને તેમાંના કેટલાક મૃત્યુ પામે છે. હૃદય અથવા ફેફસાના રોગ અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ જેવી તબીબી પરિસ્થિતિઓવાળા લોકોમાં RSV વધુ ગંભીર હોઈ શકે છે.

નાના બાળકોમાં RSV ચેપ સામાન્ય છે પરંતુ નાના બાળકો અને વૃદ્ધ લોકો માટે તે સૌથી વધુ ગંભીર છે.



## તમે RSVને કેવી રીતે ઓળખી શકો છો

RSVનો ચેપ સમગ્ર વર્ષમાં લાગી શકે છે પરંતુ દર શિયાળામાં તેના કેસો ટોચ પર હોય છે.

RSV ઉધરસ અને છીંકથી ફેલાય છે. જ્યારે તમને ખાંસી અથવા છીંક આવે ત્યારે તમારા મોં અને નાકને ઢાંકીને (સામાન્ય રીતે ટિસ્યૂ સાથે અથવા તમારી કોણી વાળીને) તમે વાયરસના ફેલાવાને રોકવામાં મદદ કરી શકો છો અને વાયરસ ફેલાવાના જોખમને ઘટાડવા માટે તમે વારંવાર તમારા હાથ ધોઈ શકો છો. આ પગલાં સાથે પણ RSV ચેપને ટાળવો મુશ્કેલ હોઈ શકે છે.

તમારી જાતને સુરક્ષિત રાખવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે રસી લેવી.

## રસી કેવી રીતે કામ કરે છે

લગભગ તમામ વૃદ્ધ પુખ્ત વયના લોકોને તેમના જીવન દરમિયાન ઘણા RSV ચેપ લાગ્યાં હશે. રસીનો એક ડોઝ સુરક્ષા વધારવામાં મદદ કરશે કારણ કે તમે ગંભીર RSV ચેપના સૌથી વધુ જોખમ ધરાવતા વય જૂથમાં પહોંચી ગયા છો.

## શું અન્ય કોઈ લોકો RSV રસી માટે પાત્ર છે

સગર્ભા સ્ત્રીઓને પણ તેમના બાળકોને RSVથી બચાવવા માટે રસી આપવામાં આવી રહી છે. તમે અહીં ગર્ભવતી મહિલાઓ માટે RSV રસી માર્ગદર્શિકા વાંચી શકો છો:

**www.gov.uk/government/publications/respiratory-syncytial-virus-rsv-maternal-vaccination**

## શું મારે દર વર્ષે રસી લેવાની જરૂર છે

ના, એક ડોઝથી તમને થોડા વર્ષો સુધી સારી સુરક્ષા મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.



## કોણે RSV રસી લેવી જોઈએ

1 સપ્ટેમ્બર 2024 ના રોજ અથવા તે પછી 75 વર્ષની ઉંમરની દરેક વ્યક્તિને RSV રસીનો એક ડોઝ આપવામાં આવશે. આ એટલા માટે છે કારણ કે વૃદ્ધ પુખ્ત વયના લોકોને RSVથી ગંભીર ગૂંચવણોનું જોખમ વધારે હોય છે. તમે હજી પણ 80 વર્ષના થવાના એક દિવસ અગાઉ સુધી રસી મેળવી શકો છો.

કાર્યક્રમના પ્રથમ વર્ષ માટે, કેચ અપ પ્રોગ્રામના ભાગરૂપે, 1 સપ્ટેમ્બર 2024 ના રોજ, જે લોકો પહેલેથી જ 75 થી 79 વર્ષની ઉંમરના છે તેમને પણ રસી આપવામાં આવશે.

## જેમની ઉંમર 75 વર્ષથી ઓછી છે તેમનું શું

યુવાનો જ્યારે 75 વર્ષની ઉંમરે પહોંચશે ત્યારે તેમને રસી આપવામાં આવશે.

## શું હું મારી COVID-19 અથવા ફ્લૂની રસી સાથે RSV રસી લઈ શકું છું

RSV સામાન્ય રીતે તમારી COVID-19 અથવા ફ્લૂ રસીની જેમ જ એપોઇન્ટમેન્ટ પર આપવાની વ્યવસ્થા કરવામાં આવતી નથી.

કેટલાક તબીબી સંજોગોમાં, તમારા ડૉક્ટર અથવા નર્સ સલામત રીતે તે જ સમયે તેમને ઓફર કરી શકે છે.

## શું હું શિંગલ્સ અથવા ન્યૂમોકોકલ રસી તેમજ RSV રસી મેળવી શકું છું

હા, તમે આ રસીઓ એક સાથે મેળવી શકો છો.

## શું કોઈ એવું છે કે જેને રસી ન લેવી જોઈએ

લગભગ દરેક વ્યકિત રસી લઈ શકે છે, પરંતુ જો તમને ક્યારેય કોઈ રસી અથવા કોઈ ઘટકથી ગંભીર એલર્જી થઈ હોય તો ડૉક્ટર અથવા નર્સને કહો.

જો તમને શરદી જેવી નાની બીમારી હોય તો તમે રસી લઈ શકો છો, પરંતુ જો તમે ખૂબ બીમાર છો અથવા તાવ છે, તો ડૉક્ટર અથવા નર્સ તમને સારા થાય ત્યાં સુધી રાહ જોવાની સલાહ આપી શકે છે.

## શું રસી મને સંપૂર્ણપણે સુરક્ષિત કરશે

તે બતાવવામાં આવ્યું છે કે આ રસીથી તમારી RSV રોગથી પીડિત થવાની સંભાવના ઘટે છે. તમામ દવાઓની જેમ કોઈ પણ રસી સંપૂર્ણપણે અસરકારક નથી અને કેટલાક લોકોને રસી લીધા પછી પણ RSV જોવા મળી શકે છે. જો તમને RSV થાય છે, તો તે ઓછું ગંભીર હોવું જોઈએ.

## મને ક્યાં સુધી રક્ષણ મળશે

તબીબી અભ્યાસોમાં, RSV રસીએ ઓછામાં ઓછા 2 વર્ષ સુધી સારું રક્ષણ પૂરું પાડ્યું હતું અને તે લાંબા સમય સુધી ચાલશે તેવી અપેક્ષા છે.

## શું મને કોઈ આડઅસર થશે

રસીકરણ પછી એક કે બે દિવસ માટે ઇન્જેક્શન માર્યું ત્યાં તમને થોડો દુ:ખાવો, લાલાશ અથવા સોજો આવી શકે છે.

યુએસમાં પ્રયોગના પ્રથમ સત્રમાં 3 મિલિયનથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતા. ચેતાતંત્રની એક સ્થિતિ જે નબળાઇ તરફ દોરી જાય છે તેની જાણ કરવામાં આવી હતી, દર મિલિયન ડોઝે લગભગ 5 કેસ. આ જ સ્થિતિ ઘણા સામાન્ય ચેપ અને કેટલીક રસીઓ પછી થાય છે, પરંતુ એકંદરે તમારા માટે સંભવિત ગંભીર RSV ચેપ લાગવાના જોખમ કરતાં રસી લેવી વધુ સુરક્ષિત છે.

## હવે મારે શું કરવું જોઈએ

જ્યારે તમે 75 વર્ષના થાવ અથવા જો તમારી ઉંમર 75 થી 79 વર્ષની હોય તો NHS તમને રસીકરણ માટે આમંત્રિત કરશે.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું

તમારી પ્રેક્ટિસ નર્સ, જીપી અથવા તમારી આરોગ્ય ટીમ સાથે વાત કરો. તમે RSV રસી માટે દર્દીની માહિતી પત્રિકા અહીં વાંચી શકો છો, જેને એબ્રિસ્વો કહેવામાં આવે છે:

**www.medicines.org.uk/emc/product/15309/pil**

તમે Yellow Card વેબસાઇટ પર અથવા ફ્રી ફોન લાઇન 0800 731 6789 (સોમવારથી શુક્રવાર સવારે 9 થી સાંજના 5 વાગ્યા સુધી) પર કોલ કરીને અથવા Yellow Card ઍપ ડાઉનલોડ કરીને શંકાસ્પદ આડઅસરોની જાણ કરી શકો છો.

**www.mhra.gov.uk/yellowcard**

© Crown copyright 2024. Version 1. UK Health Security Agency Gateway Number 2024-255. Product code: C24RSV01GU Gujarati.
1P 130k JULY 2024 (APS). To order more copies of this asset, please visit: www.healthpublications.gov.uk or call 0300 123 1002.
This leaflet is available as a BSL video, and audio file, in braille, large print and translated into 30 community languages.